# ગુજરાત સરકાર
# અંદાજપત્ર ૨૦૧૮-૧૯
# પ્રેસ નોટ ક્રમાંકઃ ૩

## ખેડૂતલક્ષી યોજનાઓ

---

ખેડૂતોને **પૂરતી વીજળી, પાણી અને ખાતર જેવી પ્રાથમિક સુવિધાઓ** ઉપરાંત વીમાનું રક્ષણ આપવાની સાથે ગુજરાતની ખેતી અને ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. રાજ્ય સરકારે ખેડૂતોને પાકોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે અનેકવિધ આયોજનો કરેલ છે. રાજ્યના ખેડૂતોને **ટેકાના ભાવે ખરીદી**ની નીતિ હેઠળ મગફળી અને કપાસ જેવા વિવિધ પાકોમાં સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત ટામેટા, ડુંગળી અને બટાકાના ભાવ નીચા જાય તેવા કિસ્સામાં ખેડૂતોના હિતમાં વાહતુક સબસીડી આપવામાં આવે છે. જે સરકારના ખેડૂતલક્ષી અભિગમને પૂરવાર કરે છે.

### કૃષિ ક્ષેત્રના જોખમોને પહોંચી વળવા આયોજન

- **પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના**, ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિ ક્ષેત્રના જોખમોને પહોંચી વળવા માટે **રૂ.૧૧૦૧ કરોડ** જેટલી રકમની ફાળવણી.

- ખેડૂતોને **૦ ટકા વ્યાજે પાક ધિરાણ** મળે તે માટે જોગવાઇ **રૂ. ૫૦૦ કરોડ**

- **રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના** અંતર્ગત **રૂ. ૩૯૫ કરોડની** જોગવાઇ.

- **રાષ્ટ્રિય ખાદ્ય સુરક્ષા મિશન** હેઠળ કુલ **રૂ. ૭૨.૨૯ કરોડની** જોગવાઇ અને નેશનલ મિશન ઓન ઓઇલસીડ એન્ડ ઓઇલપામ યોજના અંતર્ગત કુલ **રૂ. ૪૦.૯૪ કરોડની** જોગવાઇ અને ખેડૂતોને રાસાયણિક ખાતર પૂરુ પાડવા માટે **રૂ. ૨૮.૫૦ કરોડની** જોગવાઇ

- કૃષિ યાંત્રિકરણ માટે કુલ **રૂ. ૨૩૫ કરોડની** જોગવાઇ, જે અંતર્ગત **૨૯,000 ખેડૂતોને** ટ્રેક્ટરની ખરીદીમાં સહાય અને **૩૨,000 ખેડૂતોને** કૃષિ યાંત્રિકરણના વિવિધ ઓજારોની ખરીદી માટે સહાય આપવામાં આવશે.

## અવિરત વીજ પુરવઠો પુરો પાડવા આયોજન

- કૃષિ વિષયક વીજ જોડાણની જુદી જુદી યોજનાઓ અંતર્ગત અંદાજે **૧.૨૨ લાખ વીજ જોડાણો** પૂરા પાડવા માટે રૂ. **૧૯૨૧ કરોડ**
- સૌર ઉર્જા સંચાલિત **કૃષિ વિષયક પંપ સેટ આપવા માટે રૂ.૧૨૭ કરોડ**ની જોગવાઇ
- કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (KUSUM) અંતર્ગત ખેડૂતોના હયાત એગ્રીકલ્ચર પંપને સોલાર પંપમાં ફેરવવાની કામગીરી માટે **રૂ.૨૦ કરોડની** જોગવાઇ

## કૃષિ મૂલ્યવર્ધન માટે આયોજન

- **કોલ્ડ સ્ટોરેજની સંગ્રહ ક્ષમતા** ૨૩ લાખ મેટ્રીક ટનથી વધારીને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૩૦ લાખ મેટ્રીક ટન કરવાનું આયોજન છે. મલ્ટી કોમોડીટી ક્ન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેક્નોલોજી, સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે **રૂ. ૫૦ કરોડની** જોગવાઇ

- ઓપરેશન ગ્રીન લાઇન હેઠળ એડવાન્સ પ્રોસેસીંગ સુવિધા માટે ફેડેરેશન ઉભું કરવા **રૂ. ૩૦ કરોડની** જોગવાઇ

- **પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (પેક્સ)ના કોમ્પ્યુટરાઈઝેશન તથા બેન્કો સાથે કોર-બેન્કિંગ સિસ્ટમથી જોડવા માટે રૂ. ૭૦ કરોડની જોગવાઈ.**

- **કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત રાજ્યની બજાર સમિતિઓમાં આધુનિક તથા પાયાની માળખાકીય સુવિધા ઊભી કરવા માટે સહાય આપવા રૂ. ૨૪.૬૦ કરોડની જોગવાઇ.**

- **વ્યક્તિગત ખેડૂત, સહકારી સંસ્થા અને બજાર સમિતિને ગોડાઉન બાંધકામ માટેની સહાય યોજના અંતર્ગત રૂ. ૧૧ કરોડની જોગવાઇ.**

- ખેડૂતોને શાકભાજી પાકોમાં વધારે ને વધારે ઉત્પાદન મળી રહે તે આશયથી કાચા, અર્ધ પાકા અને પાકા ટ્રેલીઝ મંડપ કાર્યક્રમ હેઠળ **રૂ. ૨૫ કરોડની** જોગવાઇ જે અંતર્ગત ૭૦૦૦ હેક્ટરમાં કુલ **૧૪૦૦૦ ખેડૂતોને** લાભ મળશે.

- એગ્રો ફોરેસ્ટ્રી યોજના હેઠળ વાવેતર માટે **રૂ. ૧૭.૭૧ કરોડની** જોગવાઇ.

## સિંચાઇના વ્યાપમાં વધારો

- **ટપક સિંચાઇ** અંતર્ગત સિંચાઇ વ્યવસ્થાને સુદ્રઢ કરવા **રૂ. ૭૫૦ કરોડની જોગવાઇ.**
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ **રૂ. ૮૫ કરોડની** જોગવાઇ, જે અંતર્ગત અંદાજીત **૧૪,૨૦૦ ખેત તલાવડીની** કામગીરી.
- જળ સંગ્રાહકના કામોમાં ૨૮૯૬ ખેત તલાવડી, ૮૬૦ સીમ તલાવડી, ૧૯૦૦ જળ સંગ્રાહક સ્ટ્રક્ચર, ૨૧૬ પરકોલેશન ટેન્ક અને ૨૮૮ ગામ તળાવ ઉંડા કરવામાં આવશે.
- નાના, મોટા ચેકડેમો તથા તળાવો ઊંડા કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે **રૂ. ૯૦ કરોડની** જોગવાઇ.
- ૩૨,૮૬૨ હેક્ટર વિસ્તારમાં જમીન અને જળસંરક્ષણની તેમજ ક્ષારીય અને ભાષ્મિક જમીનોની સુધારણાની કામગીરી માટે **રૂ. ૫૪૭.૯૧ કરોડની** જોગવાઇ. જેનાથી અંદાજિત ૨૪૯.૨૫ લાખ ઘન મીટર વરસાદી પાણીનો સંગ્રહ થશે.
- **સૌની યોજનાના** બીજા તબક્કાની બાર પેકેજની કામગીરી માટે રૂ. **૧૮૬૫ કરોડની** જોગવાઇ. જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૫૭ જળાશયોના ૩,૭૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે.
- **સુજલામ્ સુફલામ્ યોજના** આગળ ધપાવતાં **રૂ.૧૦૭૪ કરોડ**નાં અંદાજીત ખર્ચવાળી પાંચ ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે **રૂ. ૨૨૨ કરોડની** જોગવાઇ. જેનાથી મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના આશરે **૧૮,૦૦૦ હેક્ટર** વિસ્તારને લાભ થશે.
- ચાર ઉદવહન સિંચાઇ યોજનાઓ માટે **રૂ. ૩૭૬ કરોડની** જોગવાઇ. જેનાથી સુરત, નર્મદા, ભરુચ, દાહોદ અને મહીસાગર જિલ્લાના **૩૪,૩૦૦ હેક્ટર** વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.
- ઉકાઇ, કડાણા, પાનમ, કાકરાપાર અને અન્ય જળાશયોના હયાત કેનાલ નેટવર્કની સુધારણાથી **૧૮,૦૦૦ હેક્ટર** વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ કરાવવા માટે **રૂ. ૧૧૨ કરોડની** જોગવાઇ.

## સરદાર સરોવર યોજના

- માઇનોર સુધીની નહેરોના બાંધકામ માટે કુલ **રૂ. ૪૨૦૭.૭૨ કરોડ**નું આયોજન.

- **સહભાગી સિંચાઈ યોજના** અન્વયે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના **૨.૭૧ લાખ** હેકટર સિંચાઈનો લાભ મળે તે માટે ભૂગર્ભ પાઈપલાઈનના કામો માટે કુલ **રૂ. ૧૨૯૫ કરોડનું** આયોજન.
- ભાડભૂત વીયરના બાંધકામ માટે **રૂ. ૧૧૦ કરોડની** જોગવાઇ

## પદ્ધતિ સરલીકરણ

- ગામ નમૂના નંબર ૭/૧૨ની જૂની નોંધોના રજિસ્ટર સ્કેન કરીને ઓન-લાઇન ઉપલબ્ધ થાય તે માટે **રૂ. ૧૦ કરોડની જોગવાઇ.**
- રાજ્યના મિલકતધારકોને મિલકત અને જમીન ધારણ કરવા અંગેના હક્કો સુનિશ્ચિત કરવા માટે "કન્કલુઝીવ લેન્ડ ટાઇટલીંગ" આપવા માટે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની વિવિધ જોગવાઇઓના સંદર્ભમાં પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરવા **રૂ. ૨ કરોડની** જોગવાઇ.
- પ્રથમ તબક્કે ૧૯ જિલ્લાઓની ૨૨ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને મોડલ કચેરી બનાવવા માટે **રૂ. ૬.૭૩ કરોડની** જોગવાઈ.
- ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ ખાતે પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે હાલની મેન્યુઅલ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમની જગ્યાએ કોમ્પ્યુટરાઈઝ ઓનલાઈન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ અપનાવવાનું આયોજન છે.